ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩
ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

તારીખ : 10 DEC 2020

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૫/૨૦-૨૧/ 4246

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૫/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી જાની દિલીપકુમાર એલ,**
(નિવૃત કર્મચારી-પ.ગુ.વિ.કું.લી.)
મહાલક્ષ્મી ના મંદિર પાસે,
મોચી બજાર રોડ,
**મું. વઢવાણ સીટી-૩૬૩૦૩૦.**
**મો.નં. ૯૯૦૯૯ ૦૪૦૧૫**

**વિષય : મોટી રકમનું બિલ મળવા અંગેની રજૂઆત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૨/૦૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૦-૨૧/૩૩૭૧ તા.૨૮/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૦-૨૧/૪૦૭૫ તા.૨૬/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૧૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, વઢવાણ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum PGVCL Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૪૫/૨૦–૨૧**

વાદી :– **શ્રી જાની દિલીપકુમાર એલ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– ૦૫/૧૨/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી જાની દિલીપકુમાર એલ** – (વાદી પોતે)

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જાની દિલીપકુમાર લક્ષ્મીશંકર, મું.વઢવાણ સીટી, જી.સુરેન્દ્રનગર ની મોટી રકમનું બિલ મળવા અંગેની રજૂઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૦–૨૧/૩૩૭૧ તા.૨૮/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૧૨/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી જાની દિલીપકુમાર એલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી. ઝાલા, નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી જાની દિલીપકુમાર એલ, વઢવાણ પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૨૪૮૦૧/૦૦૨૬૮/૪ થી ૦.૫ કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ મોટી રકમનું વિજ બિલ આપવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, તેઓ દ્વારા ઘરના ઈલેકટ્રીક ઉપકરણો મુજબ એવરેજ બે મહિના નું બિલ સરેરાશ ૧૫૦૦ થી ૧૭૦૦ રૂપિયાનું જ આવે છે.

૧.૩ વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ તા.૧૮/૦૮/૨૦૨૦ ના વિજ બિલમાં રૂા.૭૦૪૩૭/૯૨ બાકી રકમ તરીકે આવેલ છે. જે બાબતે પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવામાં આવતા જણાવેલ છે કે, અગાઉ જે મીટર બદલવામાં આવેલ તેનું પરીક્ષણ લેબમાં થતાં, તેના અનુસંધાને બાકી રકમ આવેલ છે, પણ મને લેબ તપાસનો કોઈપણ રીપોર્ટ પત્ર દ્વારા કે રૂબરૂ આજદિન સુધી એટલે કે, તા.૨૦/૦૯/૨૦૨૦ સુધી આપવામાં આવેલ નથી.

Grievance Redressal Forum PGVCL Bhavnagar

૧.૪ વાદી દ્વારા રજૂઆત કરેલ છે ~~કે,~~ તેઓ પી.જી.વી.સી.એલ ના નિવૃત કર્મચારી છે. તો, આ બાબતે યોગ્ય કરવા રજૂઆત કરેલ છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદીની રજૂઆત મુજબ તા.૧૮/૦૮/૨૦૨૦ ના વિજ બિલ માં રૂા.૭૦૪૩૭/૯૨ બાકી રકમ તરીકે આવેલ તે બાબતે યોગ્ય કરવા રજૂઆત કરેલ છે.

૨.૨ વાદી વઢવાણ ગામે ઘર વપરાશ નું વિજ જોડાણ ધરાવે છે. તેનો ગ્રાહક નં–૨૪૮૦૧/૦૦૨૬૮/૪ છે. વાદીનું મીટર તા.૧૨/૦૧/૨૦૧૮ ના રોજ બદલાવેલ હતું. તથા વાદીને સદર મીટર અંગે લેબમાં મીટર ખોલતી વખતે હાજર રહેવાની ત્રણ તારીખો અનુક્રમે તા.૧૭/૦૧/૨૦૧૮, તા.૨૪/૦૧/૨૦૧૮, તા.૩૧/૦૧/૨૦૧૮ આપેલ હતી. તેમ છતાં, વાદી સદર તારીખે લેબમાં હાજર નહી રહેતા, તેનું મીટર‘‘ X ’’ પાર્ટી તરીકે કંપની ના નિયમ મુજબ તા.૨૧/૦૨/૨૦૧૮ ના રોજ ખોલી નાંખેલ હતું. લેબ રીપોર્ટ મુજબ મીટર બરાબર આવેલ છે અને લેબ રીપોર્ટ મુજબ મીટરમાં રીડીંગ ૧૧૪૭૨ હતા, જેથી ૯૦૭૨ યુનિટ પેન્ડીગ જોવા મળેલ છે.

૨.૩ વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માં વઢવાણ પેટા વિભાગીય કચેરી માં ભાવનગર ની ઓડિટ ટીમ દ્વારા સદર ૯૦૭૨ પેન્ડીગ યુનિટ નું બીલ આપવાનું ધ્યાને જતાં, પ્રતિવાદી ને ૯૦૭૨ યુનિટ ની રકમ રૂા.૭૧૨૯૭/૧૫ ની વસૂલાત કરવાનું જણાવેલ. જેના અનુસંધાને, વઢવાણ પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકના ખાતે તા.૨૭/૦૪/૨૦૨૦ ના રોજ સદર રકમ ઉધારવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

☛ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી જાની દિલીપકુમાર એલ, ગામ–સુરેન્દ્રનગર માં ઘર વપરાશનું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં– ૨૪૮૦૧/૦૦૨૬૮/૪ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદીના વિજ સ્થાપન પર નું સીંગલ ફેઈઝ મીટર તા.૧૨/૦૧/૨૦૧૮ ના રોજ બદલવામાં આવેલ અને તે મીટર નું એકસ પાર્ટી લેબ પરીક્ષણ તા.૨૧/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. જેમાં, વાદીનું મીટર બરાબર જણાયેલ.

૩.૩ વાદીનું સીગલ ફેઈઝ મીટર બદલતી વખતે, મીટર ની વિગત પ્રમાણે કંપની જીનસ ના રીડીગ અવાચ્ય લખેલ છે.

૩.૪ પ્રતિવાદી એ વાદીના કન્ઝયુમર લેઝર (145-PRT) રજૂ કરેલ છે. જે મુજબ ૨૦૧૬ ના વર્ષ દરમ્યાન વાદીની એવરેજ વિજ વપરાશ ૧૦૭ યુનિટ, ૨૦૧૭ ના વર્ષ દરમ્યાન એવરેજ વપરાશ ૧૧૨ યુનિટ, ૨૦૧૮ ના વર્ષ દરમ્યાન એવરેજ વપરાશ ૩૭૧ યુનિટ, અને ૨૦૧૯ ના વર્ષ દરમ્યાન એવરેજ વપરાશ ૩૮૯ યુનિટ મુજબ નોંધાયેલ છે.

૩.૫ તા.૧૨/૦૧/૨૦૧૮ ના રોજ વાદીનું વિજ સ્થાપન પર નું મીટર બદલાયા પહેલા, ઓકટો–નવે–૨૦૧૫ બિલ્ડ ઈન ડિસે–૨૦૧૫ થી નવે–ડિસે–૨૦૧૭ બિલ્ડ ઈન જાન્યુ–૨૦૧૮ દરમ્યાન, ૧૦૦ યુનિટ થી માંડી ૧૪૦ યુનિટ ની વપરાશ ની નોંધ છે. આ સમય દરમ્યાન, પ્રતિવાદી ના મીટર રીડરે સ્થળ પર મીટર રીડીગ દરમ્યાન, વિજ વપરાશ ના રીડીગ અને વિજ વપરાશ ના યુનિટ ની નોંધ કરેલ છે. તેમજ આ સમય દરમ્યાન, કોઈ '' F '' ના અથવા તો '' LOCK '' સ્ટેટસ ના વિજ બિલ આપવામાં આવેલ નથી. આમ, પ્રતિવાદી એ સ્થળ પર જઈ અને રીડીગ ની નોંધ કરી, દ્વીમાસીક બિલ આપેલ છે. તેમજ મીટર ના લેબ પરીક્ષણ દરમ્યાન, વાદીનું મીટર બરાબર માલૂમ પડેલ છે. પ્રતિવાદી તરફથી ''જીનસ'' કંપની ના મીટર નો MRI નો બિલીગ હિસ્ટ્રી ડેટા રજૂ થયેલ નથી.

૩.૬ પારા નં–૩.૫ ધ્યાનમાં રાખી, હુકમ કરવામાં આવે છે કે, વાદીને આપવામાં આવેલ ૧૧૪૭૨ યુનિટ નું વિજ વપરાશ નું બિલ યોગ્ય જણાતું નથી. જે વાદીને ભરવાપાત્ર નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ વાદીને આપેલ ૧૧૪૭૨ યુનિટ નું વિજ બિલ રદ કરવું."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકિયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- **૦૫/૧૨/૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar